**આંક :– ૨૩ /બી**

કેસ પ્રાપ્તિ તારીખ : ૨૦/૧૦/૨૦૨૨

કેસ દાખલ તારીખ : ૨૦/૧૦/૨૦૨૨

કેસ નિર્ણિત તારીખ: ૧૨/ ૧૧/૨૦૨૪

અવધી: __વર્ષ____ માસ ___ દિવસ

**નખત્રાણાના એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલત સમક્ષ, મું.નખત્રાણા.**

ફો. કેસ નં. ૮૧૯/૨૦૨૨ .

**શ્રી સ ર કા ર**
(મુળ ફરિયાદી ઈમરાન જુમા સોઢા. રહે. રવાપર)
(નખત્રાણા પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નં. પાર્ટ–એ –૭૩૬/૨૦૨૨).

**ફરિયાદી.**

**વિરુધ્ધ.**

**(૧) કાન્તીલાલ પ્રેમજીભાઈ હીરાણી,**
ઉ.વ.આ.૭૪, ધંધો– ખેતી.
રહે.સુખપર (મદનપુર), તા.ભુજ જી.કચ્છ.

**આરોપી.**

**ગુન્હો :**–ભારતીય દંડ સંહિતાની કલમ– ૨૭૯, ૩૩૮ તથા એમ.વી. એ. ની ક.૧૭૭,૧૮૪, મુજબ.

**એડવોકેટસ** : સરકાર તરફે વિ. એ.પી.પી. શ્રી પુજારા

આરોપી તરફે વિ.વકીલ શ્રી .એમ.આર. હર્ષ

**–:: ચૂકા દો ::–**

(૧). આ કામે ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગઈ તા. ૦૪/૦૬/૨૨ ના કલાક ૧૫:૦૦ વાગ્યેના સુમારે આરોપીએ પોતાના કબજાની ફોર્ડ કંપનીની ગાડીના નં.જી.જે.૧૨.ડી.એ.૮૮૯૯ ફુલ સ્પીડમા બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી મો.સા.નં.જી.જે.૧૨.સી.એ.૨૭૮૬

ને ટકકર મારી અકસ્માત કરી નીચે પાડી દઈ ફરીયાદીને જમણા હાથ ઉપર હાસળીના ભાગે ફેકચર તેમજ માથાના ભાગે સાત આઠ ટાકા તેમજ શરીરે અન્ય જગ્યાએ ઓછી વતી ઈજાઓ કરી તથા સાહેદને શરીરે છોલછાલ જેવી ઈજાઓ ભારતીય દંડ સંહિતાની કલમ ૨૭૯, ૩૩૮ તથા એમ.વી.એ. ની ક.૧૭૭, ૧૮૪, મુજબના ગુન્હાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજૂ કરેલ છે.

(૨). આ કામે આરોપીને ધોરણસર સમન્સ બજી જતા હાજર થતા આરોપીને ક્રિ .પ્રો.કો. કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાત્રી કરીને આંક–૯ થી આરોપીની પ્લી નોંધેલ છે જેમાં આરોપીએ તેમની સામેના આરોપોનો ઈન્કાર કરેલ છે. જેથી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. ત્યાર બાદ ફરિયાદ પક્ષ તરફે પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩). ફરિયાદ પક્ષ તરફે નીચે મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે.

**મૌખિક પુરાવો :**

(૧) આંક–૧૧ થી ફરીયાદી ઈમરાન જુમાભાઈ સોઢા ની જુબાની.

(૨) આંક–૧૫ થી અમજદ જુમાભાઈ સોઢાની જુબાની.

**દસ્તાવેજી પુરાવો :**

(૧) આંક–૧૨ થી અસલ ફરિયાદ

(૨) આંક–૧૬ થી સ્થાનિક જગયાનું પંચનામુ

(૩) આંક–૧૭ થી ૧૯ મેડીકલ સર્ટીફીકેટ

આ સિવાય ફરિયાદ પક્ષ તરફથી અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ નથી. ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર થયા બાદ આ કામે પડેલ પુરાવા પરથી આરોપીનું ક્રિ પ્રો. કો. કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવા જેટલો પુરાવો ન હોય લીધેલ નથી. ત્યાર બાદ સરકાર તરફે વિ.એ. પી.પી. શ્રી પુજારાની આરોપી

તરફે વિ.વકીલ શ્રી. એમ.આર.હર્ષની દલીલો સાંભળવામાં આવેલ છે, જેની ચર્ચા મુદાની ચર્ચા સાથે સાંકળી લીધેલ છે.

(૪). ઉપરોકત હકીકતોના આધારે કેસના આખરી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**૧.** શું ફરિયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે,.આરોપીએ ગઈ તા. ૦૪/૦૬/૨૨ ના કલાક ૧૫:૦૦ વાગ્યેના સુમારે આરોપીએ પોતાના કબજાની ફોર્ડ કંપનીની ગાડીના નં .જી.જે.૧૨.ડી.એ.૮૮૯૯ ફુલ સ્પીડમા બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી મો.સા.નં.જી.જે.૧૨.સી.એ.૨૭૮૬ ને ટકકર મારી અકસ્માત કરી નીચે પાડી દઈ ફરીયાદીને જમણા હાથ ઉપર હાસળીના ભાગે ફેકચર તેમજ માથાના ભાગે સાત આઠ ટાકા તેમજ શરીરે અન્ય જગ્યાએ ઓછી વતી ઈજાઓ કરી તથા સાહેદને શરીરે છોલછાલ જેવી ઈજાઓ , ભારતીય દંડ સંહિતાની કલમ ૨૭૯, ૩૩૮ તથા એમ.વી.એ. ની ક.૧૭૭,૧૮૪, મુજબના શિક્ષાપાત્ર ગુન્હાઓ કરેલ છે ?

૨. શું હુકમ ?

(૫). ઉપરોકત મુદાના મારા નિર્ણય નીચે મુજબ છે.

મુદા નં.(૧) : **નકારમાં.**

મુદા નં.(૨) : આખરી હુકમ મુજબ.

**<u>-:: કા ર ણો ::-</u>**

**<u>મુદા નં.(૧)</u> :**

(૬). ફરિયાદ પક્ષે આરોપી સામેનો ગુનો પુરવાર કરવા માટે આંક-૧૧ થી ફરીયાદી ઈમરાન જુમાભાઈ સોઢાને તપાસવામાં આવેલ છે. તેઓ સોંગદ ઉપર ની જુબાનીમાં જણાવે છે કે, તેઓ તથા તેમના ભાઈ અમજદ ગડાણી ફાટક મધ્યે ચાની હોટલ ચલાવીએ છીએ. બનાવ આજથી દોઢેક વર્ષ પહેલા બનેલો હતો તે સમયે બપોરે તેઓન ભાઈ અમજદ મો.સા. જી.જે.૧

૨.સી.એ.૨૭૮૬ થી ગડાણી થી રવાપર પરત જતા હતા ત્યારે એક ફોરવ્હીલ કાર આવેલી અને તેને તેઓની સાથે અકસ્માત કરેલ અને તે અકસ્માત તેઓ રોડ ઉપર ફગોળાઈ ગયેલ અને તેઓને ગંભીર ઈજાઓ થયેલી અને ત્યારબાદ સ્થળ પર હાજર માણસોએ તેઓને ઉપાડીને પ્રાથમિક સારવાર માટે તેઓના ગામમા લઈ ગયેલ અને વધુ સારવાર માટે ૧૦૮ એમ્બ્યુલનસ મારફતે માતૃસ્પર્શ હોસ્પિટલમાં લઈ ગયેલા અને જમણા હાથ ઉપર ફેકચર થયેલ અને માથાના ભાગે આઠ ટાંકા આવેલ. તેઓના ભાઈ અરજણને પણ ઈજાઓ થયેલી. બનાવ સંબધે તેઓએ ફરીયાદ આપેલી. જે આંક:૧૨ થી રજુ કરેલ છે. સદરહુ સાહેદ હોસ્ટાઈલ જાહરે થયેલ છે. આરોપી તરફેની ઉલટતપાસમા તેઓ કબુલ કરેલ છે કે, બનાવવાળો રોડ હાઈવે રોડ છે અને સતત વાહનોની અવર જવર ચાલુ હોય છે. ફરીયાદ પોલીસે પોતાની રીતે લખી લઈ તેઓની સહી લીધેલી.

(૭) આંક–૧૫ થી સાહેદ અમજદ જુમાભાઈ સોઢાને તપાસવામા આવેલ છે તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમા જણાવે છે, તેઓ તથા તેમનો ભાઈ ઈમરાન ગડાણી ફાટક મધ્યે ચાની હોટલ ચલાવીએ છીએ. બનાવ આજથી દોઢેક વર્ષ પહેલા બનેલો હતો. તે સમયે બપોરે તેઓનો ભાઈ ઈમરાન મો.સા. જી.જે.૧૨.સી.એ.૨૭૮૬ થી ગડાણી થી રવાપર પરત જતા હતા ત્યારે એક ફોરવ્હીલ કાર આવેલી અને તેને તેઓની સાથે અકસ્માત કરેલ. અને તે અકસ્માત તેઓ રોડ ઉપર હાજર માણસોએ તેઓને ઉપાડીને પ્રાથમિક સારવાર માટે તેઓના ગામમા લઈ ગયેલ અને વધુ સારવાર માટે ૧૦૮ એમ્બયુલન્સ મારફતે માતૃસ્પર્શ હોસ્પિટલમાં લઈ ગયેલા ઈમરાને જમણા હાથ ઉપર ફેકચર થયેલ અને માથાના ભાગે આઠ ટાંકા આવેલ અને તેઓને પણ સામાન્ય ઈજાઓ થયેલી. બનાવ સબંધે ઈમરાને ફરીયાદ આપેલી. પોલીસે તેઓન જવાબ લીધેલ. સદરહુ સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલ છે. આરોપીની તરફેની ઉલટતપાસમા કબુલ કરેલ છે કે, બનાવવાળો રોડ હાઈવે રોડ છે અને સતત વાહનોનો અવરજવર ચાલુ હોય છે. તેઓને રાજીખુશીથી સમાધાન થઈ ગયેલ છે. તેઓ અને તેમના ભાઈ ઈમરાન આ કેસ આગળ ચલાવવા માંગતા નથી.

(૮) ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામા આવેલ પુરાવાનુ અવલોકન કરવામા આવે તો ફરીયાદપક્ષે ફરીયાદી ઈમરાન જુમાભાઈ સોઢાને આંક:૧૧ તેમજ અમજદ જુમાભાઈ સોઢાને આંક:૧૫ થી તપાસવામા આવેલ છે તેઓએ તેમની જુબાનીમા જણાવેલ છે કે, બનાવ સમયે તેઓ તથા તેમનો ભાઈ અમજદ મો.સા. જી.જે.૧૨.સી.એ.૨૭૮૬ થી ગડાણી થી રવાપર પરત જતા હતા ત્યારે એક ફોરવ્હીલ કાર આવેલી અને તેઓની સાથે અકસ્માત કરેલ અને તે અકસ્માતમા તેઓ રોડ ઉપર ફગોળાઈ ગયેલ અને તેઓને ગંભીર ઈજાઓ થયેલી. અને ત્યારબાદ તેઓ સ્થળ પર હાજર માણસોએ તેઓને સારવાર માટે લઈ ગયેલ. આમ સદરહુ સાહેદો ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતા ન હોય સદરહુ સાહેદો હોસ્ટાઈલ જાહરે થયેલ છે. તેમજ ઉલટતપાસમા સ્પષ્ટપણે કબુલ કરેલ છે કે, બનાવવાળો રોડ હાઈવે રોડ છે અને સતત વાહનોની અવર જવર ચાલુ હોય છે. પોલીસે ફરીયાદ પોતાની રીતે લખી લીધેલ અને તેઓની સહી લીધેલી. આમ હાલનો બનાવ આરોપીની બેદરકારી અને બેજવાબદારીના કારણે બનેલ હોય તેવુ ફલિત થતુ નથી. તેમજ અકસ્માત કરનાર કારના નંબર પણ તેઓ એ જણાવેલ નથી અને અકસ્માત કરનાર વાહન હાલના આરોપી ચલાવતા હોય તેવી પણ કોઈ હકીકત તેઓએ તેમના પુરાવામા જણાવેલ નથી. તેમજ બનાવના નજરે જોનાર સાહેદ પણ ફરીયાદપક્ષને સમર્થન કરતા નથી. આમ સમગ્ર પુરાવો જોતા અકસ્માત થયેલ છે અને અકસ્માતમા સાહેદ- ફરીયાદીને ઈજાઓ થતા સારવાર લીધેલુ હોવાનુ જણાય છે. પરંતુ આરોપીએ તેનુ વાહન પુરઝડપ અને બેફીકરાઈથી માણસોની જીંદગી જોખમાય તે રીતે ચલાવેલ હોય તેવો ચોકકસ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી કહેવાતા અકસ્માતમા હાલના આરોપીની કોઈ બેદરકારી કે કસુર હોવાનુ ફલીત થતુ નથી. આમ ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ પુરાવાથી આરોપી સામેનો કેસ શંકારહીત પુરવાર થતો નથી.

(૯) જેથી આ કામના આરોપીએ તા. ૦૪/૦૬/૨૨ ના કલાક ૧૫:૦૦ વાગ્યેના સુમારે આરોપીએ પોતાના કબજાની ફોર્ડ કંપનીની ગાડીના નં.જી.જે.૧૨.ડી.એ.૮૮૯૯ ફુલ સ્પીડમા બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી મો.સા.નં.જી.જે.૧૨.સી.એ.૨૭૮૬

ને ટકકર મારી અકસ્માત કરી નીચે પાડી દઈ ફરીયાદીને જમણા હાથ ઉપર હાસળીના ભાગે ફેકચર તેમજ માથાના ભાગે સાત આઠ ટાકા તેમજ શરીરે અન્ય જગ્યાએ ઓછી વતી ઈજાઓ કરી તથા સાહેદને શરીરે છોલછાલ જેવી ઈજાઓ કરી, ભારતીય દંડ સંહિતાની કલમ ૨૭૯, ૩૩૮ તથા એમ. વી. એ.ની ક.૧૭૭, ૧૮૪, મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા કરેલ હોવા સંબંધે એક વ્યાજબી શંકા ઉત્પન્ન થાય છે અને આવી શંકાનું નિરાકરણ કરતો સચોટ,સ્પષ્ટ, પુરતો અને વિશ્વસનીય પુરાવો રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર તેનો લાભ આરોપીને આપવો જોઈએ. તેથી આરોપી ઉપર મુકવામાં આવેલ આરોપ બદલના આવશ્યક તત્વો નિ:શંકપણે સ્પષ્ટ, ચોકકસ અને પુરતા પુરાવાથી પુરવાર થતા ન હોય આરોપી ઉપર મુકાયેલ આરોપ સાબિત કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોય, મુદા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: <u>હુકમ</u> ::–**

(૧) ક્રિ.પ્રો.કો.કલમ–૨૫૫(૧)અન્વયે આ કામના આરોપી કાન્તીલાલ પ્રેમજીભાઈ હીરાણી ભારતીય દંડ સંહિતાની કલમ– ૨૭૯, ૩૩૮ તથા એમ.વી. એકટ કલમ– ૧૭૭, ૧૮૪, મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

(૨) ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ ૪૩૭(એ) ની જોગવાઈ ધ્યાને લેતા આરોપીઓના જામીન તથા જામીનખત અપીલ સમય પુર્ણ થાય ત્યાં સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ ઠરાવ આજ તારીખ **<u>૧૨ મી</u>** માહે **<u>નવેમ્બર</u>** સને **<u>૨૦૨૪</u>** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સહી/–

તા: ૧૨/૧૧/૨૦૨૪.
નખત્રાણા – કચ્છ.

**(રઘુવિરસિંહ અનીરૂધ્ધસિંહ ઝાલા)**
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
નખત્રાણા– કચ્છ.
**GJ00938**